| | |
|---|---|
| કેસ રજૂ કર્યા તારીખ :– | ૧૨–૦૩–૨૦૨૪ |
| કેસ દાખલ કર્યા તારીખ:– | ૧૨–૦૩–૨૦૨૪ |
| કેસ ફેસલ કર્યા તારીખ:– | ૦૧–૦૪–૨૦૨૬ |
| અવધી | વર્ષ–માસ–દીન |
| | ૦૨– ૦૦– ૨૦ |

**મહુધાના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મહુધા, જી.ખેડા.**

**ફોજદારી કેસ નં. : ૧૬૨/૨૦૨૪**
**આંક :**

જરીનાબાનું સાબીરખાન પઠાણ
ઉ.વ.આ.૬૯, ધંધો–ઘરકામ તથા ખેતી,
રહેવાસી– જુના સંચા સામે, કાજીવાડા,
મુ.પો.અલીણા, તા.મહુધા, જી.ખેડા **::::: ફરિયાદી**

**–: વિરુધ્ધ :–**

નિલ ભદ્રેશકુમાર પટેલ
ઉ.વ.આ. પુખ્ત, ધંધો–છુટક વેપાર,
રહેવાસી–પાસા વિભાગ, મુ.પો.અલીણા,
તા.મહુધા, જી.ખેડા **::::: આરોપી**

**વિષય: ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ**

ફરીયાદ દાખલ કર્યા તારીખ:–૧૨/૦૩/૨૦૨૪
પ્લી નોંધ્યા તારીખ:–૦૨/૦૪/૨૦૨૪
પુરાવા ઉપર આવ્યા તારીખ:–૦૨/૦૪/૨૦૨૪
દલીલો ના સ્ટેજે આવ્યા તારીખ:–૧૦/૦૩/૨૦૨૬
જજમેન્ટના સ્ટેજે આવ્યા તારીખ:–૦૧/૦૪/૨૦૨૬
હુકમની તારીખ:–૦૧/૦૪/૨૦૨૬

| | |
|---|---|
| ફરિયાદપક્ષ તર્ફે વિધ્વાન વ.શ્રી. | એ.બી.કલ્યાણી |
| આરોપીના વિ.વ.શ્રી | જી.કે.મકવાણા |

**// ચૂકા દો //**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી અલીણા મુકામે રહી પોતાની ખેતી લાયક જમીનમાં ખેતીકામ તથા ઘરકામ કરી તેઓનુ જીવન ગુજરાન ચલાવે છે અને આરોપી અલીણા પરા બજારમાં અમુલ પાર્લરના નામથી વેપાર ધંધો કરે છે. અને સાઈડ પર તમાકુનો પણ વેપાર કરે છે. આરોપી અને ફરીયાદી એકજ ગામના હોય ફરીયાદી આરોપીની દુકાને આવતા જતા હોય ફરીયાદી અને આરોપી વચ્ચે મીત્રતા થયેલી અને ગાઢ વિશ્વાસ સંપાદન થયેલ.

વધુમાં તેઓ તેમની ફરીયાદમાં જણાવે છે કે, ઓગષ્ટ–૨૦૨૩ માં આરોપીને ધંધાના કામે નાણાંની જરૂર હોય ફરીયાદી પાસે રૂા.૨,૦૦,૦૦૦/– હાથ ઉછીના નાણાંની માંગણી કરેલી. આરોપીએ ફરીયાદીના ગામના હોય આરોપીની મદદ ખાતર ફરીયાદીએ પોતાની પાસે પડેલી અંગત બચતમાંથી આરોપીને રૂા.ર,૦૦,૦૦૦/– અંકે રૂપીયા બે લાખ પુરા ૪ માસના વાયદે આપેલી. અને સદર રકમ લેતી વખતે આરોપીએ ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ છે સદર તમારી રકમ હુ તમોને ૪ માસમાં ચોકકસ પરત ચુકવી આપીશુ. સમય જતા ૪ માસ પુરા થતા ફરીયાદીએ આરોપીને વારંવાર રૂબરૂ મળતા આરોપી ગલ્લા તલ્લા અને ખોટા

વાયદા બતાવતા અને સમય વિતાવતા હતા. ત્યાર બાદ ડીસેમ્બર ૨૦૨૩ ના છેલ્લા અઠવાડીયે ફરીયાદીએ આરોપી પાસે આરોપીને આપેલી હાથઉછીની રકમની પરત માંગણી કરતા આરોપીએ ફરીયાદીને રૂા.૨,૦૦,૦૦૦/- પુરાનો બેન્ક ઓફ ઈન્ડીયા, અલીણા શાખાનો આરોપીના ખાતા નંબર ૨૮૧૮૧૦૧૧૦૦૭૦૪૯ નો ચેક નંબર: ૦૫૭૪૫૯ નો સહી કરી વિગત ભરી ફરીયાદીને ચેક લખી આપેલો અને જણાવેલ કે સદર ચેક તેની પાકતી તારીખે બેન્કમાં ભરસો તો ચોક્કસ સ્વીકારાઈ જશે અને તમારી રકમ તમોને મળી જશે. આમ આરોપીના કથન પર વિશ્વાસ અને ભરોસો રાખી ફરીયાદીએ પોતાની કાયદેસરની હાથઉછીની રકમ મેળવવા આરોપીનો ચેક સ્વીકારેલો. આમ ફરીયાદી આરોપીએ આપેલ ચેકના કાયદેસરના ધારણકર્તા બનેલા. ત્યારબાદ વારંવાર ફરીયાદીએ આરોપીને ચેક ભરવા બાબતે પુછતા આરોપીએ જણાવેલ કે હાલ મારા ખાતામાં પૈસા નથી હમણા ચેક ભરતા નહી, હું તમોને રોકડા રૂપીયા આપીને ચેક પરત લઈ લઈશ. આમને આમ આરોપી સમય વિતાવી રહેલા, અને વારંવાર ફરીયાદીને લાંબી લાંબી મુદ્દતો આપતા હતા છેવટે નવેમ્બર ૨૦૨૩ માં ફરીયાદી આરોપીને રૂબરૂ મળતા આરોપીએ મૌખીક જણાવેલ કે ડીસેમ્બરની તારીખ લખી ચેક તમારા ખાતામાં જમા કરાવશો તો તમોને તમારી રકમ મળી જશે. આરોપીએ ફરીયાદીને કરેલ વાયદા મુજબ ફરીયાદીએ આરોપીએ આપેલ ચેક નં. ૦૫૭૪૫૯ નો ફરીયાદીએ બેન્ક ઓફ ઈન્ડીયા, અલીણા શાખામાં ફરીયાદીના ખાતામાં ભરતા સદર ચેક કલીયરીંગમાં જતા તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ **"ફંડ ઈનશફીશીયન્ટ"** ના શેરા સાથે પરત આવેલ. જે રીર્ટન મેમો બેન્ક ઓફ ઈન્ડીયાના અધીકારીએ ફરીયાદીને તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ આપેલો. અને આમ આરોપીએ આપેલ ચેક વગર સ્વીકારાયે પરત ફરેલ અને ફરીયાદીને ચેકના નાણાં મળેલા નહી.

જેથી ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી મારફતે તા.૦૮/૦૨/૨૦૨૪ ના રોજ આરોપીને આર.પી.એ.ડી. થી લીગલ નોટીસ આપેલ જે નોટીસ તા.૧૩/૦૨/૨૦૨૪ ના રોજ આરોપીને બજી ગયેલ હોવા છતાં ફરીયાદીના લેણાની રકમ ચુકવી આપેલ નથી કે નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.

જેથી ફરીયાદીનાઓએ આરોપી વિરુધ્ધ ધી નેગાશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હાની હાલની ફરિયાદ કરેલ છે તેમ જણાવી અરજીના પેરા–૫ માં દાદ માંગેલ છે કે, આ કામના આરોપીએ આપેલ ચેક પરત ફરતા આરોપીએ નેગો.ઈ.એકટ ની કલમ ૧૩૮ મુજબ ગુનો કરેલ હોઈ આરોપી સામે કાયદેસર કેસ ચલાવી આરોપીને યોગ્ય નશ્યત કરવા અરજ ગુજારેલ છે.

(૨) ફરીયાદીએ ઉપરોકત પૅરેગ્રાફમાં જણાવેલ હકીક્ત વાળી, ફરીયાદ રજુ કરતાં તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રી દવારા ફરીયાદીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૦ અન્વયેનું સોગંદ ઉપર વેરીફીકેશન નોંધી, ફરીયાદીની ફરીયાદ રજીસ્ટરે લેવાનો હુકમ કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂધ્ધ ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) સદરહુ ફરીયાદનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ જતાં અને આરોપી હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અત્રેની કોર્ટના મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દવારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો **આંક–૧૩** થી જવાબ (પ્લી) નોંધવામાં આવેલ અને તેમાં આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૪) આરોપી સામેના ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ કલમ–૧૩૮ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે, નિચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## –: મૌખિક પુરાવો :–

| અ.નં. | સાહેદનુ નામ. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી જરીનાબાનુ સાબીરખાનનાઓનુ સરતપાસ નુ સોગંધનામુ (જુબાની) | ૦૫ |

## –: દસ્તાવેજી પુરાવો:–

| અ.નં. | દસ્તાવેજનુ નામ. | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરીયાદીને આપેલ ચેક અસલ | ૦૬ |
| ૨ | ચેક રીર્ટન થતા બેંકે આપેલ રીર્ટન મેમો અસલ | ૦૭ |
| ૩ | આરોપીને આપેલી નોટીસ ની ઓફીસ કોપી | ૦૮ |
| ૪ | નોટીસ રજી. એ.ડી.કર્યાની પોસ્ટ ની રસીદ | ૦૯ |
| ૫ | એકનોલેજમેન્ટ | ૧૦ |
| ૬ | ટ્રેક કન્સાઈમેન્ટ રીપોર્ટ | ૧૦ |

સદરહું ફરીયાદના કામનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતા ફરીયાદી તરફે પુરાવો પુરો થયા અંગેની રજુઆત કરેલ છે. ત્યારબાદ આ કામના આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. આ કામના આરોપીને તેમના વિરુધ્ધ હાલનો આ કેસ અત્રેની કોર્ટમાં દાખલ થયેલ છે તે હકીકતની જાણ હોવા છતાં ઈરાદાપુર્વક તેઓ અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. હાલનો આ કેસ સને–૨૦૨૪ ની સાલનો છે તેમજ આ કામના ફરિયાદી ધ્વારા આંક–૨૭ ની કલોઝીંગ પુરસીસથી પુરાવો પુર્ણ જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદથી હાલનો આ કેસ આરોપીના વધારાના નિવેદન લેવાના સ્ટેજ પર ચાલતુ આવેલ હતુ, પરંતુ આરોપીને પુરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં તેઓ અત્રેની કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી આરોપીનો વધારાનો નિવેદન લેવાનો હકક બંધ કરવામાં આવેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા ઈન્ડીયન બેંક એસોસીએશન વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા વંચાણે લેતાં આરોપીએ કોઈ બચાવ અરજી આપેલ નથી. ત્યારબાદ હાલનું કામ ફરીયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા ફરીયાદપક્ષના વિ.વ.શ્રી દવારા મોખીક દલીલો કરેલ છે અને આરોપી તરફે કોઈ રીપોર્ટ કે

રજુઆત ન હોય આરોપીનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) સદરહુ ફરીયાદના કામમાં ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલોમાં આંક–૦૧ લગત ફરીયાદ તેમજ પુરાવાના કામે રજુ રાખેલ સોગંદનામા મુજબની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, હાલના કામે આરોપી કે તેમના વિધ્વાન વકીલશ્રી હાજર રહેલ નથી. જો ખરેખર આરોપીએ વાદગ્રસ્ત ચેક લેણાં પેટે આપેલ ન હોય તો આરોપી જાતે હાજર રહીને પોતાનો બચાવ જાતે અથવા તો વકીલ મારફત કરે પરંતુ હાલના કામે આરોપીને વારંવાર નામદાર કોર્ટ દવારા યોગ્ય અને વ્યાજબી તક આપવા છતાં આરોપી હાજર રહેલ નથી અને નામદાર કોર્ટના સમયને વેડફેલ છે. ફરીયાદીના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું આરોપીપક્ષ દવારા કોઈ ખંડનાત્મક પુરાવો રજુ રાખેલ ન હોય જેથી આરોપી સામેનો ફરીયાદપક્ષે કેસ પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં નીયત કરેલ મહત્તમ સજા કરવા તેમજ ચેક મુજબની રકમનો દંડ તેમજ ચેક મુજબની રકમ વળતર તરીકે અપાવવા અરજ કરેલ છે.

હાલના કામે આરોપી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત ન હોય કે તેમના વિધ્વાન વકીલશ્રી હાજર ન હોય જેથી તેઓનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદના કામે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી–પુરાવો, ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા સદરહું ફરીયાદના ન્યાય નિર્ણય માટે નિચે મુજબના મુદ્ાઓ ઉપસ્થીત થાય છે.:–

**::: મુ દ્દા ઓ :::**

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં

રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ. જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**<u>// નિર્ણયો//</u>**

૧) હકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

**<u>// કા ર ણો //</u>**

(૮) સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ – ૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે જેના તત્વો નીચે મુજબ છે.

➢ **<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો:–</u>**

૧) આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ.

૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી છ(૬) માસની અંદર સમય

મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ– ૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

➢ **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો:**

**કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત....**

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યુ હતુ અને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યુ હતુ અથવા તબદીલ કર્યુ હતુ.

**ખ)** **તારીખ વિશે :–**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યુ હતુ.

ગ) **<u>સ્વીકારવાના સમય વિશે :-</u>**

સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને પાક્યાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતુ.

ઘ) **<u>તબદી લના સમય વિશે :-</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

ચ) **<u>શેરાઓના ક્રમ વિશે :-</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

જ) **<u>ધારક યથાકમ ધારક છે એમ માની લેવા વિશે :-</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાકમ ધારક છે પરંતુ જ્યારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

➢ **<u>કલમ- ૧૩૯ - ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :-</u>**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ-૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલા ચેક વર્તમાન લેણાંનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

(૯) સદરહુ કેસમાં **આંક–૦૫** થી ધી નેગોસીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૪૫ માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામાના સ્વરૂપમાં ફરીયાદીનો મૌખિક પુરાવો રજુ કરેલ છે. **આંક–૦૫** ના ફરીયાદીનો મૌખિક પુરાવો ધ્યાને લેતા તથા ફરીયાદવાળા **આંક–૦૬** વાળા ચેક અંગેનો આરોપીની બેન્કનો **આંક–૦૭** વાળા રીટર્ન મેમો ધ્યાને લેતા **આંક–૦૬** વાળો ચેક **"ફંડ ઈનશફીશીયન્ટ"** ના શેરા સાથે પરત આવેલ છે. ફરીયાદવાળો **આંક–૦૬** વાળો ચેક રીટર્ન આવ્યા બાબતનો ''**ફંડ ઈનશફીશીયન્ટ**" નો શેરો ધ્યાને લેતા ફરીયાદવાળો **આંક–૦૬** વાળા ચેકમાં આરોપીએ સહી કરેલ છે તેવું માનવાને કારણ રહે છે. આ ઉપરાંત **આંક–૦૬** વાળા ચેકમાં આરોપીની સહી નથી તેવી હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે આરોપી તરફે કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવેલ નથી. આમ, સદરહું ફરીયાદ વાળો ચેક આરોપીના ખાતાનો હોવાનુ રેકર્ડ પર ફલીત થાય છે. આમ, સદરહુ ફરીયાદના કામમાં ફરીયાદીનો **આંક–૦૫** નો મૌખિક પુરાવો પુરાવો ધ્યાને લેતા અને પુરાવાની મુલવણી કરતાં અને ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની ઉપરોકત મુલવણી મુજબ ફરીયાદપક્ષ ફરીયાદ વાળો **આંક–૦૬** વાળો ચેક બાબતે એકઝીકયુશન એટલે કે, દસ્તાવેજ કરી આપેલ છે તે હકીકત ઉપરોક્ત જણાવેલ **મંગુભાઈ મનસુખરામ પંડયા વિરૂધ્ધ પ્રાણજીવન ત્રીભોવનદાસ પુરોહીત (૧૯૯૧(૨) જી.એલ.એચ.–૬૫)**ના ચુકાદામાં જણાવેલ હકીકત મુજબ પુરવાર કરી પોતાની પ્રાથમીક જવાબદારી પુર્ણ કરી શકેલ હોઈ ધી નેગોસીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવે છે અને ધી નેગોસીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર આવેલ છે.

(૧૦) સદરહુ ફરીયાદના કામમાં ધી નેગોસીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની

કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ માં જણાવેલ અનુમાનો ફરીયાદીની તરફેણમાં આવેલ હોવાથી હાલની ફરીયાદના કામમાં બંને પક્ષકારો દવારા રજુ થયેલ પુરાવાની મુલવણી કરીને એ નકકી કરવાનું રહે કે, શું આરોપી પક્ષ દ્વારા ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ – ૧૩૯ ના અનુમાનોનું ખંડન થઈ શકે તેટલો ચુસ્ત વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિ પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી શકેલ છે કે નહી?

(૧૧) **In the matter between M/s prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH page No.365,** Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

**In the matter between Mangubhai Mansukhram pandya V/s Pranjivan Tribovandas purohit, reported in 1991(2) GLH page no.65** Hon'ble Gujrat High Court has held that, Section-118 of the N.I.Act raises a statutory presumption that,

– There was consideration for every negotiable instrument. This presumption continues until it is

rebutted.

- Onus of proof that there was no consideration is on the defendant.
- Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

**(૧૨) નામદાર સુપ્રિમ કોર્ટે ભારત બેરલ એન્ડ ડમ મેન્યુફેકચરીંગ કંપની વિરૂધ્ધ અમીનચંદ પ્યારેલાલ, ૧૯૯૯ (૩) એ.સી.સી.૩૫** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is  probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its nonexistence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist." આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટે કે. એન. બીના વિરૂધ્ધ મુનીયપ્પન, ૨૦૦૧ એ.આઈ.આર. સુપ્રિમ કોર્ટ ૨૮૯૫ તથા હીતેન પી. દલાલ વિરુધ્ધ બટીન્દ્રનાથ, ૨૦૦૧(૬) એસ.સી.સી.–૧૬** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે,  Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper. આ ઉપરાંત **નામદાર સુપ્રિમ કોર્ટના ક્રિશ્ના**

**જનાર્દન ભાટુ વિરૂધ્ધ દત્તાત્રેય જી. હેંગડે (૨૦૦૮ ક્રિમીનલ લો જનરલ ૧૧૭૨), કે. પ્રકાશન વિરૂધ્ધ પી.કે. સુરેન્દરન (૨૦૦૮(૧) એસ.સી.સી. (ક્રાઈમ્સ) ૨૦૦) તથા રંગ પ્પા વિરુધ્ધ મોહન (એ.આઈ. આર. ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ ૧૮૯૮)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

**(૧૩)** હાલના કામે ફરીયાદપક્ષની દલીલો તથા ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ તથા ઉપર જણાવેલ પેરેગ્રાફમાં જણાવેલ નામદાર વડી અદાલતના ચુકાદાઓમાં જણાવેલ સિધ્ધાંતો ધ્યાને લઈને, સદરહુ ફરીયાદના કામે રજુ થયેલ પુરાવાની મુલવણી મુદ્દા નં.–૧ ના ન્યાય નિર્ણય માટે કરતાં નીચે મુજબની હકીકતો ફલીત થાય છે.

**(૧૪)** આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણાં પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જયારે તેવું પ્રિ પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે કાયદાકીય દ્રષ્ટિથી હાથ ઉપરના કેસનું વિશ્લેષણ કરીએ તો, આ કામે ફરીયાદીની ફરીયાદ અને સરતપાસ ધ્યાને લઈએ તો, આ કામના ફરીયાદી ધ્વારા આરોપીને ધંધાના કામ માટે રૂા.૨,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપવામાં આવેલ હતા, જે કાયદેસરની લેણી રકમ પેટે આરોપીએ તકરારી ચેક આપેલ છે જે બેંકમાં રજુ થતા પાછો ફરેલ છે જેની નોટીસની આરોપીને જાણ હોવા છતાં ચેકની લેણી રકમ ચુકવી ન આપતા હાલની ફરીયાદ કરેલ.

(૧૫) સદરહું ફરીયાદના કામે આરોપી તરફે ફરીયાદીની **આંક–૦૫** ની સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે અને ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા આ કામના ફરિયાદીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. વધુમાં આ કામના આરોપી દ્વારા એવી હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે જેનાથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ ના અનુમાનનુ ખંડન થઈ શકે.

આ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ઉપર મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ અનુમાન થાય કે ચેક આરોપીનો છે અને લેણાં પેટે આપેલ હોય પરંતુ તેનુ ખંડન આરોપીએ કરવું પડે અને જ્યારે તેવું પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરે ત્યારે પુરાવાનો બોજો ફરીયાદી તરફ ખસે. હાલના કામે ફરીયાદીએ રેકર્ડ ઉપર **આંક–૦૫** થી સરતપાસનુ સોગંદનામુ રજુ રાખી ફરીયાદવાળી હકીકતને સમર્થન આપેલ છે તેમજ **આંક–૦૬** થી વાદગ્રસ્ત ચેક રજુ રાખેલ છે અને જે પરત આવ્યા બાબતનો રીટર્ન મેમો **આંક–૦૭** થી રજુ રાખેલ છે. સદરહું ચેક રીટર્ન થતા **આંક–૦૮** વાળી નોટીસ આરોપીને રજી. એડી.થી મોકલેલ છે જે રજી એ.ડી.સ્લીપ **આંક–૦૯** થી રજુ રાખેલ છે. જે નોટીસ આરોપીએ સ્વીકારેલ હોય તેનો **આંક–૧૦** થી એકનોલેજમેન્ટ તથા **આંક–૧૧** થી ટ્રેક કન્સાઈમેન્ટ રીપોર્ટ રજુ રાખેલ છે. આમ, આરોપીને નોટીસની જાણ હોવા છતાં તેમજ જો નોટીસની જાણ ન હોય તો તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહી ફરીયાદમાં જણાવેલ સરનામુ તેઓનું નથી તેવી કોઈ પણ હકીકત ફરીયાદીની ઉલટ તપાસ કે પુરાવો આપીને લાવી શકેલ નથી. જેથી આરોપીનુ સરનામું સાચુ હોવાનુ માનવાનુ કારણ રહે છે. વધુમાં, વાદગ્રસ્ત ચેક વાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી. આરોપીએ હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી જેથી ફરીયાદપક્ષ દવારા આરોપીને ધંધા માટે રૂા.૨,૦૦,૦૦૦/– હાથ ઉછીના આપેલા અને

તે પેટે આરોપીએ બેન્ક ઓફ ઈન્ડીયા, અલીણા શાખાનો રૂા.૨,૦૦,૦૦૦/- નો ચેક નં. ૦૫૭૪૫૯ નો આપેલ અને તે ધંધા માટે હાથ ઉછીના લીધેલ લેણાંની રકમ આપવા પેટે હાલનો વાદગ્રસ્ત ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોય તે સ્વાભાવીક માની શકાય તેવી હકીકત છે. જેથી હાલના કામનો તે વાદગ્રસ્ત ચેક તે ફરીયાદીને હાથ ઉછીના લીધેલ નાણાં ભરપાઈ કરવા આપેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થાય છે. પરંતુ આરોપીએ હાથઉછીના લીધેલ નાણાં પેટેનો વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ લીધેલ નથી તેમજ ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી આધાર હાલના કામે રજુ રાખેલ નથી. જેથી ખરેખર આરોપીએ ફરીયાદી પાસેથી હાથ ઉછીના નાણાં લીધેલ અને તે નાણાં આરોપીએ ફરીયાદીને આપેલ નથી તેમ માની શકાય છે. આમ, આરોપીએ ફરીયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનુ ન હોવાનો કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દવારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી પુરવાર કરેલ નથી. વધુમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણાં પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનું રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યક્તિ ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહું બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપી એ ફરીયાદીને કાયદેસરનાં લેણાં પેટે આપેલ હોવાનું જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ-૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણાં પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે.

(૧૬) આમ, રેકર્ડ ઉપરનો સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો

ધ્યાનમાં લેતા ફરીયાદવાળો ચેક જે તે વખતે આરોપીએ ફરીયાદીને કાયદેસરના હાથઉછીના લીધેલ નાણાં લેણાંની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે. આ ચેક નિયત સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વીકારાયે પરત ફરતા ફરીયાદીએ આરોપીને પોષ્ટ મારફતે કાયદેસરની ડીમાન્ડ નોટીસ મોકલેલ જેની જાણ આરોપીને છે તેવુ માનવાને કારણ છે, અને ચેકની રકમ ફરીયાદીને ચુકવવામાં આવેલ નથી તે કારણે હાલની ફરીયાદ કરવાનું કારણ ઉત્પન્ન થતા કાયદાની નિયમ સમય મર્યાદામાં લેખીતમાં ફરીયાદ કરવામાં આવેલ તેવુ રેકર્ડ ઉપરના પુરાવાથી ફલીત થાય છે. વધુમાં આરોપીએ ચેક તેને વેલીડીટી પીરીયડમાં બેંકમાં રજુ થયેલ ન હતો તેવુ બચાવમાં આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**(૧૭)** આરોપી અત્રેની કોર્ટ રૂબરૂ હાજર થયેલ હોય તેમજ તેની પ્લી નોંધાવામાં આવેલ હોય તેમજ ફરીયાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાની નકલ આરોપીને આપવામાં આવેલ છે. તેમજ આરોપીની પ્લી લીધા બાદ ફરીયાદી તરફથી અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી ફરીયાદ પક્ષે ફરીયાદીએ રજુ કરેલ તમામ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા આરોપીની જાણમાં હોય જેથી બી.એન.એસ.એસ.ની કલમ ૩૦૮(જુના ક્રિ.પ્રો.કોડની કલમ–૨૭૩) નું પાલન થયેલ હોવાનું જણાય આવે છે. તેમજ નામ. ગુજરાત રાત હાઈ કોર્ટે **Manoj Vasudev Sompura Versus State Of Gujarat 2023 (0) ALJEL-HC 247313** ના ચુકાદામાં પેરા–૧૪ માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

14.Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the

next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

(૧૮) તેમજ નામ. બોમ્બે હાઈ કોર્ટે તેઓના **Navneet Singh Gogia And Another Versus State Of Maharashtra And Another 2025 (0) ALJEL-MH 2502426** માં આપેલ ચુકાદાનાં પેરા ૫૬ માં નીચે મુજબ અવલોકન કરેલ છે.

56-In nutshell if the proceeding under Section 138 of the Negotiable Instruments Act are quasi-criminal in nature, there is reason to believe that one of attribute of criminal trial about mandatory recording of statement under Section 313 of the Criminal Procedure Code is not applicable . So in given set of facts narrated hereinabove, the accused cannot make complaint about causing prejudice if evidence is adduced in his absence and he cannot make complaint of non recording of the statement under Section 313 of the Criminal Procedure Code if they have remained absent without justification. In a given case and after ascertaining certain factors, the Magistrate is justified in proceeding further in absence of accused and even dispense his statement.

આમ, ઉપરોકત ચુકાદાઓમાં કરેલ અવલોકનો ધ્યાને લેતાં જયારે

આરોપી પોતાની બેદરકારી દાખવી ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે અને તેને તેઓની સામે ફરીયાદીએ કોર્ટમાં રજુ કરેલ પુરાવાઓનુ સંપુર્ણપણે જાણ હોવા છતાં હાજર રહી જો ફરીયાદીની ઉલટ તપાસ ન કરે અને વિશેષ નિવેદન નોંધવા માટે પણ કોઈ વ્યાજબી કારણ બતાવ્યા વગર હાજર ન રહે ત્યારે તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં હકક બંધ કરી કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય. આમ પ્રસ્તુત કેસમાં ફરીયાદી જયારે પોતાનો કેસ સાબીત કરવામાં સફળ રહેલા છે અને આરોપી ફરીયાદીના કેસ સામે વ્યાજબી શંકા ઉપસ્થિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય ત્યારે એ હકીકત પણ આરોપીને કાયદામાં ફરમાવેલ સજા સંદર્ભે કેટલી સજા કરવી જોઈએ તેના સંદર્ભમાં પક્ષકારો વચ્ચેનો સંબંધ, ફરીયાદવાળા વ્યવહારનો સ્વરૂપ ધ્યાનમાં લેતા તેમજ પ્રસ્તુત કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતા આ કામના આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામાં તકસીરવાન ઠરાવી મુદ્દા નં. ૧ નો નીર્ણય "**હકાર**" માં આપવામાં આવે છે.

**(૧૯)** ઉપર મુદ્દા નં.૦૧ માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શં કપણે પુરવાર કરી શકેલ હોવાથી આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવું છું અને બંને પક્ષે સજા અંગે સાંભળવા પર મુલ્તવી.

તારીખ : ૦૧/૦૪/૨૦૨૬ (કિશનકુમાર આર. મૌર્ય)
મહુધા. પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, મહુધા
(જીજે ૦૧૭૨૩)

હાલના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. ફરીયાદીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

**(૨૦)** ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. ચેકો રીટર્ન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવુ જોઈએ.

**(૨૧)** આ અદાલતમાં આરોપી તરફે હાજર રહી તેઓની સજા અંગે કોઈ રજુઆત કરેલ નથી. હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈ પણ ભોગે મોટી રકમ મેળવવા કે માલસામાન ખરીદતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી ઘણી વાર કોરા ચેકો આપતા હોવાના કીસ્સા વધી રહેલ છે. રકમ કે માલસામાન મેળવ્યા બાદ તે રકમ અથવા માલસામાનનું મુલ્ય પરત કરતા નથી અને નાણાં ન ચૂકવવા પડે તે માટે કાયદાનું ખોટું અર્થઘટન કરી, તેનો દુરપયોગ કરતાં રહે છે. રકમ પરત કરતા નથી અને ચેકો વગર સ્વીકારયે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિન પ્રતિદિન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતુ રહે તે માટેનું છે.

આ કામે આરોપીને ફરીયાદીએ ધંધા માટે હાથ ઉછીના રૂા. ૨,૦૦,૦૦૦/- આપેલ હતા જે પેટે આરોપીએ લેણાંની રકમ પેટે રૂા.૨,૦૦,૦૦૦/- નો ફરીયાદીના નામનો બેન્ક ઓફ ઈન્ડીયા, અલીણા શાખાનો આપેલો, જે ચેક ફરીયાદીએ બેંક ઓફ ઈન્ડીયા, અલીણા શાખાના ખાતામાં જમા કરતા ચેક તા.૦૫/૦૨/૨૦૨૪ ના રોજ રીટર્ન મેમામાં જણાવેલ કારણ **"ફંડ ઈનશફીશીયન્ટ'**ના શેરાથી વગર સ્વીકારણે પરત ફરેલ

છે. નોટીસ આપ્યા બાદ પણ નાણાં પરત કરેલ નથી. જેથી ચેકમાં જણાવેલ રકમ જો ફરિયાદીને વળતર પેટે આપવાનો હુકમ કરવામાં આવે તો ન્યોયોચિત જણાઈ આવે છે.

કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુંક લક્ષમાં રાખતા, આરોપી પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનું બેન્કીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનું બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી.

(૨૨) હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ વ્યક્તિ છે. ફરીયાદી પાસેથી હાથ ઉછીના લીધેલા નાણાંની રકમ સામે ચેક આપવાની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જોઈએ. અત્રેની કોર્ટમાં આરોપીને પુરતી તક આપવા છતા હાજર રહેલ નથી અને ખોટો સમય ખેંચ્યા બાદ કેસ ચાલતા દરમ્યાન આરોપી તરફે ફરીયાદીને ચેકની સંપૂર્ણ રકમ ચૂકવવામાં આવેલ નથી. બેલેન્સ ન હોવા છતાં ખોટા ચેકો આપવા આરોપી ટેવાયેલાનું જણાય છે.

આમ, આરોપીની દાનત, રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણૂંક લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભઆપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ ૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે.

**[138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for

the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, ***be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:***

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. વધુમાં આરોપીએ આ કેસ બાબતેની જાણ હોવા છતાં હાજર રહી કેસ ચલાવવામા સહકાર આપેલ નથી. તેમજ ફરીયાદીને નાણાં પણ ચુકવી આપેલ નથી. જેથી આરોપીને પ્રોબેશન ઓફ એફેન્ડર્સ એકટ તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૬૦ ની જોગવાઈનો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી અને તેથી આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી જયારે જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં શું આરોપીને વધુ સજા કરી શકાય કે કેમ તે બાબતે નામ. સુપ્રિમ કોર્ટે **Vijayan Versus Sadanandan K. 2009 (0) AIJEL-SC 43559** ના ચુકાદામાં પેરા ૨૩ માં અવ લોકન કરેલ છે કે**,**

*23. Having regard to the views expressed hereinabove, we hold that while awarding compensation under Sec. 357(3) Cr.P.C., the Court is within its jurisdiction to add a default sentence of imprisonment as was held in Hari Singh's case (supra).*

જેથી નામ. સર્વોચ્ચ અદાલતે ઉપરોકત કરેલ અવલોકન ધ્યાને લેતા જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો તેને તે

બદલ વધુ સજા કરી શકાય. જેથી ધી નેગોસીચે બલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાનો આશય ધ્યાને લઈને આ અદાલત મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો **"આખરી હુકમ"** કરે છે.

**–:: આખરી હુકમ ::–**

**૧)..** ફોજદારી કેસ નંબર–૧૬૨/૩૦૨૪ ના કામના આરોપી નિલ ભદ્રેશકુમાર પટેલ, ઉ.વ.આ. પુખ્ત, ધંધો–છુટક વેપાર, રહેવાસી–પાસા વિભાગ, મુ.પો.અલીણા, તા.મહુધા, જી.ખેડાનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૩૮ મુજબ ના સજાને પાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને ત્રણ (૩) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે. આરોપીની ગેરહાજરીમાં સી.આર.પી.સી.ની કલમ ૩૫૩(૭) મુજબ હુકમ જાહેર કરવામાં આવે છે.

**૨)..** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૨,૦૦,૦૦૦/– આરોપીએ ફરિયાદીને વળતર પેટે આરોપી મળી આવ્યેથી ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ત્રણ (૩) માસની સજા કરવામાં આવે છે તેવો હુકમ કરવામાં આવે છે.

**૩)..** આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો**, સી.આર.પી.સી.ની કલમ–૪૨૮** મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

**૪)..** આ હુકમની ખરી નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપી મળી આવ્યેથી આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

**૫)..** આરોપી આજ રોજ હાજર રહેલ ન હોય જેથી તેમની સામે પકડ વોરંટ કાઢવું.

હુકમ આજ તારીખ: ૦૧ લી, માહે: એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૪/૨૦૨૬
મહુધા.

(કિશનકુમાર આર. મૌર્ય)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, મહુધા
(જીજે ૦૧૭૨૩)